# વાંચન અભિયાન

બાળકો માટે વાંચનનો આનંદદાયક અનુભવ બનાવવા માટે દેશવ્યાપી પહેલ

## માર્ગદર્શિકા

**શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ**

**શિક્ષણ મંત્રાલય**

## 1. સંદર્ભ:

શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગે એક રાષ્ટ્રીય મિશન 5મી જુલાઈ 2021ના રોજ નિપુણ ભારત તરીકે ઓળખાતી પાયાની વાચન, લેખન અને ગણન મિશન શરૂ કર્યું છે. જેનો મુખ્ય હેતુ 3 થી 9 વર્ષની વય જૂથના બાળકોની શીખવાની જરૂરિયાતોને આવરી લેવાનો છે. બાળક માટે ભવિષ્યનું તમામ શિક્ષણ વિવિધ આંતરરાષ્ટ્રીય સંશોધનો દ્વારા સ્થાપિત પાયાના શિક્ષણનો આધાર છે. સમજણ સાથે વાંચવામાં, લખવામાં અને ગણિતની મૂળભૂત ક્રિયાઓ કરવા માટે સક્ષમ પાયાના કૌશલ્યો પ્રાપ્ત ન કરવાને લીધે, ધોરણ 3 પછીના અભ્યાસક્રમની મુશ્કેલીઓ માટે બાળક તૈયારી વગરનું જ રહી જાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, પ્રારંભિક શિક્ષણના મહત્વને ધ્યાનમાં રાખીને પ્રાથમિક શાળાઓમાં સાર્વત્રિક પાયાના વાચન, લેખન અને ગણન કૌશલ્યો પ્રાપ્ત થાય તે બાબતને સૌથી વધુ પ્રાથમિકતા આપવી જોઈએ એ વાત પર ભાર મૂકે છે. વધુમાં, તે જણાવે છે કે, જો આ સૌથી મૂળભૂત શિક્ષણ (એટલે કે, પાયાના સ્તરે વાંચન, લેખન અને અંકગણન) પ્રથમ પ્રાપ્ત ન થાય તો આ નીતિનો બાકીનો ભાગ અમારા મોટા ભાગના વિદ્યાર્થીઓ માટે મોટા પ્રમાણમાં છૂટી જશે.

નેશનલ એચિવમેન્ટ સર્વે (NAS) સહિત ભારતમાં લર્નિંગ પ્રોફાઈલના વિવિધ અભ્યાસોએ દર્શાવ્યું છે કે ઘણા બાળકો સાદા ફકરા પણ વાંચી શકતા નથી. પરંતુ, અભ્યાસક્રમ અને સંલગ્ન પાઠ્યપુસ્તકો એવી અપેક્ષા સાથે ડિઝાઇન કરવામાં આવ્યા છે કે બાળકો એ ગ્રેડ-સ્તરનાં કૌશલ્ય પ્રાપ્ત કરે અને તેઓ આગળ પ્રગતિ કરી શકે. આ સંદર્ભમાં, શાળા શિક્ષણ અને સાક્ષરતા D/o રાષ્ટ્રીય વાંચન અભિયાન શરૂ કરી રહી છે જેથી દરેક બાળક વાંચતા શીખે અને તે પછી, શીખવા માટે વાંચી શકે.

## 2. વાંચન શા માટે મહત્વનું છે?

વાંચન એ શિક્ષણનો પાયો છે, જે વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે પુસ્તકો વાંચવા પ્રેરિત કરે છે, સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી, શબ્દભંડોળ અને મૌખિક અને લેખિત એમ બંને રીતે અભિવ્યક્ત થવાની ક્ષમતા વિકસાવે છે. તે બાળકોને તેમની આસપાસના અને વાસ્તવિક જીવનની પરિસ્થિતિ સાથે સંબંધ બાંધવામાં મદદ કરે છે. આમ, એક સક્ષમ વાતાવરણ ઊભું કરવાની જરૂર છે જેમાં વિદ્યાર્થીઓ આનંદ માટે વાંચે

અને એક એવી પ્રક્રિયા દ્વારા તેમની કુશળતા વિકસાવે જે આનંદપ્રદ અને કાયમી હોય અને જે જીવનભર તેમની સાથે રહે.

વિવિધ સંશોધન અભ્યાસમાં શીખવાના પરિણામો સુધારવા વાંચનનું યોગદાન દર્શાવવામાં આવ્યું છે. તે ભાષા પર પક્કડ અને લેખન કૌશલ્ય વિકસાવવા તરફનું એક પગલું છે. વાંચન એ બોલવાથી વિપરીત એક કૌશલ્ય છે, જે માણસમાં કુદરતી રીતે આવતું નથી તેથી તેને શીખવાની જરૂર છે. વાંચન એ લખાણ અને વાચક વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયા છે, જેમાં ફક્ત શબ્દોના અર્થને સમજવાનો જ નહીં પણ લખાણની પાછળના બહુ-સ્તરીય અર્થને પણ સમજવાનો સમાવેશ થાય છે. તેને સતત પ્રેક્ટિસ વિકાસ અને શુદ્ધિકરણની જરૂર છે.

પ્રારંભિક તબક્કે વાંચન એ અક્ષર જ્ઞાનનો સમાવેશ કરે છે જેમાં નામોલ્લેખ અને તેમની સાથે સંકળાયેલા નામો અને અવાજોને ઓળખવા, ઉચ્ચારણ જાગૃતિ જેમાં બોલાતી ભાષાને ઓળખવી, સમજવી અથવા તેનું વિશ્લેષણ કરવામાં સક્ષમ હોવા, અક્ષરો લખવા, શબ્દભંડોળ, બોલાતી ભાષાની સામગ્રીને યાદ રાખવા અને સમજવા, થોડો સમય, વાંચન કૌશલ્યના ખ્યાલો (દા.ત., ડાબે જમણે, આગળ પાછળ વાંચન), પ્રિન્ટ જાગૃતિ જેમાં દૃષ્ટિની રીતે પ્રસ્તુત ચિત્રો/પ્રતીકોને મેચ કરવા અથવા ભેદભાવ કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે.

## ભાષા શીખવી - રોજિંદી પ્રક્રિયા

બાળકો તેમના રોજિંદા જીવનમાં ભાષા સાથે તેની અનુભૂતિ વગર જોડાય છે. એક અથવા બીજા સ્વરૂપમાં તેઓ ભાષા વિશેનું તેમનું જ્ઞાન અને ભાષાનો ઉપયોગ પણ કરે છે. તેઓ જાણે છે કે તેમના વડીલો, શિક્ષકને કેવી રીતે સંબોધન કરવું. તેઓ વાતચીત કે રેડિયો પણ સાંભળી શકે છે, ટેલિવિઝન જોવું - આ તે સ્ત્રોતો છે જેમાંથી તેઓ તેમની ભાષા શીખે છે અને તેનો ઉપયોગ વાતચીત માટે કરે છે. અમારા ઘરો પર ઘણી બધી લેખિત અને છાપેલી સામગ્રી ઉપલબ્ધ છે જેમ કે, ઘરની નંબર પ્લેટ, ઘરની દિવાલો પર લોકકલા, કૅલેન્ડર, ગેસ સ્ટોવ પર કંપનીનું નામ, વાસણો પર કોતરેલ કુટુંબના વડાનું નામ, હાથ પર નામના ટેટૂઝ, અખબારનાં પાના, શોપિંગ લીસ્ટસ, ટૂથપેસ્ટ બોક્સ વગેરે.

તે લેખન અથવા છાપેલી સામગ્રી પર કેટલું ધ્યાન આપવામાં આવે છે તે મહત્વનું છે. બાળકો શાળામાં આવતા પહેલા જ વાંચન અને લેખનની સમજ કેળવે છે. બાળકોના આ પૂર્વ જ્ઞાનને તેમના વાચન, લેખન અને ગણન કૌશલ્ય વિકસાવવાના પાયા તરીકે ગણી શકાય.

3. વાંચન અને લેખનને સમજવું

**1.બાળકો તેમની આસપાસ લખેલી સામગ્રી વાંચવાનું શરૂ કરે છે** જેમ કે, બિસ્કિટ અને ટોફીના રેપર, રસ્તાની બાજુએ લગાવેલ પોસ્ટરો/જાહેરાતો, દિવાલના સૂત્રો, ઘરે આવતા અખબાર, ઘરે અને શાળામાં વાર્તાના પુસ્તકો, પત્રો/પોસ્ટકાર્ડ વગેરે. જેમ જેમ બાળકો પેન, પેન્સિલ, ચોક પકડવાનું શરૂ કરે છે તેમ તેમ તેઓ લખવાનું શરૂ કરે છે અને તેમાં કોઈ અર્થ અથવા સંદેશ ઉમેરવાનો પ્રયાસ કરે છે

\- આ પણ લેખનની શરૂઆતનો એક ભાગ છે.

**જે બાળકો વાંચે છે તે ઘણીવાર વધુ સારા શીખનારા બને છે, જે તેમને શાળા અને જીવનના અન્ય ક્ષેત્રોમાં સફળતા તરફ દોરી જાય છે.**

**2.તમામ વાંચન પરિસ્થિતિઓમાં ધ્યેય 'સમજવું' હોવું જોઈએ.** છાપેલ લખાણમાં જે સંદેશ આપવામાં આવ્યો છે તેને સમજવો અને તેનો આનંદ લેવો તે મહત્વનું છે.

**3.વાંચન વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે પુસ્તકો વાંચવા, સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી, શબ્દભંડોળ અને મૌખિક અને લેખિત બંને રીતે અભિવ્યક્ત કરવાની ક્ષમતા વિકસાવવા પ્રેરે છે.**

**4.લેખન એ વિચારોને સમજવાની અને તેને અન્ય લોકો સાથે શેર કરવાની પ્રક્રિયા પણ છે.** તેમાં માત્ર શબ્દોને એકસાથે જોડવાની પ્રક્રિયાનો સમાવેશ થતો નથી, પરંતુ તે જ્ઞાન, માહિતી અને વિચારોને સુસંગત રીતે વહેંચવાની વ્યવસ્થિત પ્રક્રિયા છે. લેખન બાળકોને તેમના વિચારોનું અન્વેષણ કરવા, આકાર આપવા અને સ્પષ્ટ કરવા તથા તેમને અન્ય લોકો સુધી પહોંચાડવા સક્ષમ બનાવે છે. અસરકારક લેખન વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને, બાળકો વિચારોને શોધે છે અને સુધારે છે તથા આત્મવિશ્વાસ અને કૌશલ્ય સાથે ગોઠવે અને સુધારો કરે છે.

**5.**બાળકોની તેમની લેખિત ભાષાની સમજ મોટે ભાગે તેમના અસરકારક ઉપયોગ અને મૌખિક ભાષાની સમજ પર આધારિત છે. લેખન માટેની તેમની પદ્ધતિસરની સૂચનાત્મક તાલીમ શરૂ કરતા પહેલા જ બાળકો તેમની આસપાસના સાક્ષરતાના વાતાવરણ સાથે સંપર્ક સાધવાનું શરૂ કરે છે અને ચિહ્નો અને તેમના અર્થો વચ્ચે જોડાણો બનાવવાનું શરૂ કરે છે.

## બાળકોમાં વાંચવાની ટેવ કેવી રીતે વિકસાવવી?

- બાળકોના વર્ગખંડમાં આકર્ષક ચિત્રો અને ખાસ કરીને હાસ્યસભર પુસ્તકો અને વિનોદી પુસ્તકો સાથે સચિત્ર કરાયેલ વિવિધ સરળ અને રસપ્રદ વાર્તા પુસ્તકોની ઉપલબ્ધતા અને ઉપયોગ કરવાથી.
- બાળકોને નિયમિત ધોરણે સમર્પિત સમય અને વર્ગખંડમાં વાંચવા માટે અનુકૂળ જગ્યા પ્રદાન કરવાની જરૂર છે.
- પુસ્તકો સાથે તેમની સક્રિયતા વધારવા અને વાંચવાની ટેવ વિકસાવવા માટે મોટેથી વાંચવા, વહેંચાયેલ વાંચન, તેમના દ્વારા વાંચવામાં આવેલ પુસ્તકો પર ચર્ચાઓ, રોલ પ્લે, શબ્દોની રમતો જેવી કે 'હું અહીં કંઈક શોધ્યા કરું છું એવું લાગે છે..' વગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે અને બાળકો આસપાસના વાતાવરણનું અવલોકન કર્યા પછી સંબંધિત શબ્દો સાથે બહાર આવે.

### પ્રવૃત્તિ દ્વારા વાંચનને આનંદદાયક કેવી રીતે બનાવવું?

રાજસ્થાનનો કેસ સ્ટડી:

બાળકોમાં જીવનભર વાંચનની ટેવ કેળવવા માટે, તે મહત્વનું છે કે આપણે વાંચનને આનંદપ્રદ અને રસપ્રદ બનાવીએ. તેથી, વાંચનના અનુભવને રોમાંચક અને આનંદદાયક બનાવવા માટે પ્રવૃત્તિ આધારિત

અભિગમ સૌથી અસરકારક છે. આનું એક વાસ્તવિક જીવન ઉદાહરણ રાજસ્થાન રાજ્યમાં જોવા મળે છે, જ્યાં એક શિક્ષક (મધુ ચૌહાણ) દૌસા જિલ્લાના સિકરાઈ બ્લોકમાં સ્થિત પ્રાથમિક શાળામાં પોસ્ટ કરવામાં આવ્યા હતા. જયારે તેણીની શાળામાં જોડાયા ત્યારે શાળાની સંખ્યા ૩૨ હતી, પણ શાળામાં તો ભાગ્યે જ ૭ કે ૮ વિદ્યાર્થીઓ જ આવતા હતા. તેણીએ કારણો શોધવાનો પ્રયાસ કર્યો અને તેમને જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓના માતા-પિતા વહેલી સવારે કામ પર જાય છે અને બાળકો પ્રાણીઓને ખવડાવવા જાય છે અને આખો દિવસ લખોટીઓ (સ્થાનિક ભાષામાં 'કંચે') રમે છે. તેણીની સમજી ગઈ કે તેણીને માતાપિતા તરફથી વધારે સહકાર મળશે નહીં તેથી તેણીએ જાતે જ પહેલ કરવાનું નક્કી કર્યું. બીજા દિવસે તે શાળાના રમતના મેદાનમાં લખોટીઓ સાથે રમવા લાગી. શિક્ષકને કેવી રીતે રમવું તે ખબર ન હોવાથી, તેણીએ બાળકોને શીખવવાનું કહ્યું. ગામમાં તરત જ વાત ફેલાઈ ગઈ કે શાળામાં શિક્ષક પણ લખોટીઓ સાથે રમે છે તેથી જે બાળકો શાળાએ આવતા ન હતા તેઓએ પણ શાળાએ આવીને રમતમાં ભાગ લીધો અને શિક્ષકને પણ રમત રમતાં શીખવ્યું. બધા વિદ્યાર્થીઓ શાળાએ આવવા લાગ્યા ત્યાં સુધી આ થોડા દિવસો સુધી ચાલ્યું. પછી, શિક્ષકે સંખ્યા વિષે સમજાવ્યુ અને લખોટીઓ પર 0 થી 9 અંકો લખ્યા અને વિદ્યાર્થીઓને મોટી સંખ્યા પર મારવા કહ્યું અને આમ, રમત દ્વારા તેમણે એક અંકનો સરવાળો અને બાદબાકી શીખવી. થોડા સમય પછી તેણીએ લખોટીઓ પર હિન્દી મૂળાક્ષરો લખ્યા અને વિદ્યાર્થીઓને તેમને એવી રીતે મારવા કહ્યું જેના પરિણામે શબ્દો બને.

આ પ્રયાસથી માત્ર શાળામાં વિદ્યાર્થીઓની નિયમિત હાજરી સુનિશ્ચિત જ નહીં પરંતુ તેમણે ભાષા અને સંખ્યાની વિભાવનાનો આનંદપૂર્વક પરિચય પણ કરાવ્યો.

## 4. લક્ષ્યાંક જૂથ:

બાલવાટીકા થી ધોરણ 8 માં અભ્યાસ કરતા બાળકો આ અભિયાનનો ભાગ બનશે. તેઓને આગળ વર્ગ મુજબ ત્રણ જૂથોમાં વર્ગીકૃત કરવામાં આવશે:

જૂથ 1: બાલવાટીકા થી ધોરણ 2

જૂથ 2: ધોરણ 3 થી ધોરણ 5

જૂથ 3: ધોરણ 6 થી ધોરણ 8

## 5. અભિયાનનો સમયગાળો:

જાન્યુઆરી 2022 થી એપ્રિલ 2022 સુધી 100 દિવસ (14 અઠવાડિયા) માટે વાંચન અભિયાનનું આયોજન કરવામાં આવશે.

### 6. બાળકો સુધી કેવી રીતે પહોંચવું?

- શાળાઓ, ઘરો અને મોહલ્લાઓ તથા સ્થાનિક સ્વરાજ્યની સંપૂર્ણ સક્રિય સહકાર દ્વારા.
- IVR સેવા, મોબાઈલ લાઈબ્રેરી
- બોર્ડ પરના CSO ના સહાયકો કે જ્યાં તેઓ કામ કરી રહ્યા છે તેવા વિવિધ રાજ્યોમાં પહોંચવા માટે.
- SCERTs/DIETs/શાળાના આચાર્યો/શિક્ષકોએ વાંચન સામગ્રી પસંદ કરવી, જેમાં ઓનલાઈન/ઓફલાઈન સ્ટોરીબુકસ, જોક બુક્સ, હાસ્ય પુસ્તકો, કવિતા/છંદનાં પુસ્તકો, વિનોદી ગીતો અને રેપ ગીતો, ખરીદી કરેલ વસ્તુઓના રેપર્સ, ફ્લેશ કાર્ડ અને હું શબ્દો/વાક્યો કાર્ડની શોધ કરું છું નો સમાવેશ થઈ શકે છે.
- BRCs/CRCs/માતાપિતા/કુટુંબના સભ્યો/સ્વયંસેવકોની સક્રિય ભાગીદારી
- માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક/કોલેજના વિદ્યાર્થીઓ/NSS/NYKS સામેલ કરીને
- જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતા-પિતા, કાર્યકારી વ્યાવસાયિકો, સેલિબ્રિટીઓ અને સરકારી પ્રતિનિધિઓને સામેલ કરીને.

### 7. અભિયાન માટેનું આયોજન:

- વાંચન અભિયાનનો ઉદ્દેશ્ય બાળકો, શિક્ષકો, માતા-પિતા, સમુદાય, શૈક્ષણિક સંચાલકો વગેરે સહિત રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે તમામ હિતધારકોની સહભાગિતા ધરાવે છે.
- 100 દિવસની અભિયાન ચૌદ અઠવાડિયા સુધી ચાલુ રાખવામાં આવશે અને વાંચનને આનંદપ્રદ બનાવવા અને વાંચનના આનંદ સાથે જીવનભરનો સંગાથ બાંધવા પર ધ્યાન કેન્દ્રિત કરીને જૂથ દીઠ અઠવાડિયામાં એક પ્રવૃત્તિની રચના કરવામાં આવી છે.
- આ અભિયાન દ્વારા હાંસલ કરવાના વિકાસલક્ષી ધ્યેય/શિક્ષણ પરિણામો પણ પ્રવૃત્તિ કેલેન્ડરમાં આપવામાં આવ્યા છે. પ્રવૃત્તિઓનું સાપ્તાહિક કેલેન્ડર ધોરણ મુજબ તૈયાર કરવામાં આવ્યું છે જે શિક્ષકો, માતા-પિતા, સાથીમિત્રો, ભાઈ-બહેનો અથવા પરિવારના અન્ય સભ્યોની મદદથી બાળકોએ પ્રવૃત્તિઓ પુરી કરવાની રહેશે.
- અભિયાનને અસરકારક બનાવવા માટે દર અઠવાડિયે માત્ર એક જ પ્રવૃતિ રહેશે જેથી બાળકો આપેલ અઠવાડિયે આ પ્રવૃત્તિનું પુનરાવર્તન કરી શકે અને છેવટે તેને સાથીમિત્રો અને ભાઈ-બહેનો સાથે સ્વતંત્ર

રીતે સમજી શકે અને તેનું સંચાલન કરી શકે. ડિઝાઇન કરવામાં આવેલી પ્રવૃત્તિઓને સરળ અને આનંદપ્રદ રાખવામાં આવી છે તથા ઘરે ઉપલબ્ધ સામગ્રી/સંસાધનો સાથે સરળતાથી હાથ ધરી શકાય તેવી છે.

- જૂથ મુજબની પ્રવૃત્તિઓ પરિશિષ્ટ 1 અને 2 માં છે.
    - **પરિશિષ્ટ 1 માં આપવામાં આવેલી પ્રવૃત્તિઓની સૂચિ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની જરૂરિયાતો અનુસાર સ્વાભાવિક રીતે પરિવર્તનશીલ અને સંદર્ભિત કરી શકાય તેમ છે.**
    - **રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અભિયાન દરમિયાન વાંચનને આનંદદાયક અને આકર્ષક બનાવી શકે તેવી કોઈપણ વધારાની વયકક્ષા મુજબની પ્રવૃત્તિ પણ ઉમેરી શકે છે.**

### અભિયાનની ગતિ જાળવી રાખવા માટે રાષ્ટ્રીય સ્તરે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે

- ટોયકેથોનની તર્જ પર 'READATHON' નું આયોજન કરવું
- જાગૃતિ અભિયાન: પ્રેસ રિલીઝ, સોશિયલ મીડિયા અભિયાન, ઇન્ફોગ્રાફિક, વગેરે
- માનનીય શિક્ષણ મંત્રી, રાજ્ય મંત્રીઓ, મુખ્યમંત્રીઓ, રાજ્યના શિક્ષણ મંત્રીઓ વગેરે દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં વાર્તા કહેવાની
- વાંચનના મહત્વ પર વેબિનાર
- બાળકો માટેના પુસ્તક લેખકોનો વિડિયો/ઓડિયો સંદેશ (રસ્કિન બોન્ડ, સુધા મૂર્તિ, વાર્તા કહેવા માટે નીલેશ મિશ્રા)
- પ્રાદેશિક ભાષાઓમાં શિક્ષકો તેમજ સમુદાયના સભ્યો દ્વારા મોટેથી વાર્તાઓ વાંચવી
- CSO, FM ચેનલો, અખબારો (સ્થાનિક અને પ્રાદેશિક) સાથે ભાગીદારી

    માતા-પિતા અને દાદા દાદીને સામેલ કરીને વાર્તા કહેવાના સત્રોનું આયોજન કરવા

    **રાજ્ય અને કેન્દ્ર શાસિત સ્તરે, નીચેની પ્રવૃત્તિઓ સૂચવવામાં આવે છે:**

- આ અભિયાનમાં સક્રિય ભાગ લેવા માટે માતાપિતા, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સમુદાયના સભ્યો, SCERTs, DIETs અને સ્થાનિક સંસ્થાઓ માટે **સઘન જાગૃતિ અભિયાન** હાથ ધરો.
- લોકપ્રિય લોકો/સેલિબ્રિટીઓ દ્વારા **વાર્તા-કથન સત્રો** રાજ્ય સ્તરે પણ શરૂ કરવામાં આવી શકે છે. માતાપિતા/દાદા-દાદી દ્વારા વાર્તા સત્રોને પ્રોત્સાહિત કરવામાં આવી શકે છે. સ્થાનિક કલાકારોને સામેલ કરીને સ્થાનિક લોકકથાઓ, ગીતો, જોડકણાં વગેરેને પ્રોત્સાહન આપી શકાય છે.

- વાંચનની ટેવને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાર્થીઓને **ધોરણ આધારિત** વધારાની વાંચન સામગ્રી, પુસ્તકાલનાં પુસ્તકો પ્રદાન કરો.
- **પંચાયત/ક્લસ્ટર/બ્લોક સ્તરે વાંચન મેળાઓનું આયોજન કરો** અને શાળા વ્યવસ્થાપન સમિતિઓ (SMCs), સ્વયંસેવકોને વાંચન પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે સામેલ કરો.
- ખાતરી કરો કે આ 100 દિવસોમાં **પ્રવૃત્તિ કેલેન્ડર** અનુસરવામાં આવે છે અને Google ટ્રેકરમાં સારી ગુણવત્તાના ફોટા, વીડિયો અને પ્રશંસાપત્રો અપલોડ કરવામાં આવે છે.
- CSO, FM ચેનલો, સ્થાનિક રેડિયો/ટીવી ચેનલો, અખબારો (સ્થાનિક અને પ્રાદેશિક) સાથે ભાગીદારી

### 21મી ફેબ્રુઆરીની આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે ઉજવણી

આ સમયગાળા દરમિયાન દેશભરમાં કહાની પઢો અપની ભાષા મેં (પોતાની ભાષામાં વાર્તા વાંચવી) યોજાશે.

## 8. સંસાધનો:

- FLN પર રાખેલ DIKSHA પોર્ટલ, '**કહાનીયોં કા પીટારા**' વગેરેના વિવિધ સંસાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- **રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT), નેશનલ બુક ટ્રસ્ટ (NBT) સ્ટોરી વીવર (https://storyweaver.org.in),પ્રથમ પુસ્તકો (https://prathambooks.org), રૂમ ટુ રીડ ક્લાઉડ (https://literacycloud.org), વગેરે. જેવા અન્ય સંસાધનોની પણ શોધ કરી શકે છે.**

## 9. દસ્તાવેજીકરણ:

- રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ કરવા અને અભિયાનનો ટૂંકો વિડિયો, પ્રશંસાપત્રો અને સારા ફોટા બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

- ઉપયોગી જણાયેલા સંસાધનો FLN પર રાખેલ DIKSHA પોર્ટલ અને DoSE&L વેબસાઇટ પર શ્રેષ્ઠ પ્રેક્ટિસના સોર્સ પર અપલોડ કરવામાં આવશે.
- ઉપરોક્ત સંસાધનો અપલોડ કરવા માટે Google ટ્રેકર વિકસાવવામાં આવશે. ગૂગલ ટ્રેકરની લિંક ટૂંક સમયમાં શેર કરવામાં આવશે.

# ધોરણ આધારિત પ્રવૃત્તિઓ

**પરિશિષ્ટ 1**

## બાલવાટિકા અને ધોરણ 1 થી 2 માટેની પ્રવૃત્તિઓ

**ઉદ્દેશ: ગોલ અને અધ્યયન નિષ્પત્તિઓ વિકસિત કરવી:**

- **અસરકારક વાર્તાલાપ**
  - આલોચનાત્મક અને સર્જનાત્મક વિચારસરણી
  - વિવિધ પ્રકારની માહિતી શોધવા, સમજવા અને તેના પર પ્રતિબિંબિત કરવાની ક્ષમતા
- **વિદ્યાર્થીઓ સર્વાંગી વિકાસ**

| ક્રમ | પ્રવૃત્તિ | જરૂરી સંસાધન |
|---|---|---|
| સપ્તાહ: 1 | **શાળા પુસ્તકાલયની એક્સપોઝર મુલાકાત**<br>• બધા બાળકોએ શાળાના પુસ્તકાલયની મુલાકાત લેવી અને ઉપલબ્ધ પુસ્તકોનું વિશ્લેષણ કરવું.<br>• દરેક બાળકને ચોથા સપ્તાહે વાંચવા અને તેના વિશે જણાવવા માટે વયકક્ષા અનુસાર એક પુસ્તક આપવામાં આવવું જોઈએ.<br>• ઘરમાં પુસ્તક વાંચતી વખતે પરિવારના એક પુખ્ત વ્યક્તિએ તેની ચોકસાઈની ખાતરી કરવા માટે હાજર રહેવું જોઈએ. | • પુસ્તકાલયનાં પુસ્તકો |
| | **આલ્ફાબેટ વર્લ્ડ (બાલવાટિકા)**<br>• બાળકો અક્ષરોને ટ્રેસ કરવા માટે તેમની આંગળીઓને સોજી/મીઠાની આજુબાજુ એક ટ્રેમાં ફેરવે છે જે તેમને અક્ષરોની રચના સમજવામાં મદદ કરે છે.<br>• બાળકોને ગુંદેલા લોટના પિંડની મદદથી અક્ષરો બનાવવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે. | • સોજી/મીઠું સાથે ટ્રે<br>• ગુંદેલા લોટના પિંડ<br>• ઑબ્જેક્ટ બોક્સ |
| સપ્તાહ: 1 | **કૌટુંબિક વાર્તાઓ (ધોરણ 1, 2)**<br>• બાળકને કુટુંબના સભ્યો વિશે વાર્તાઓ બનાવવામાં મદદ કરો.<br>• તેમને આ વાર્તાઓને પુસ્તકમાં મૂકવા દો અને જૂના કુટુંબના ફોટોગ્રાફ્સ ઉમેરો.<br>• ખાસ દિવસો જેમ કે રજાઓ, જન્મદિવસો અને કૌટુંબિક રજાઓ પર શું થયું તે વિશે બાળકને લખવા દો અને પછી ક્લાસના મિત્રોને વાર્તાઓ વાંચવા દો. | • કોઈ સંસાધનોની જરૂર નથી |
| સપ્તાહ: 2 | **ફળો અને ફૂલો**<br>• વિદ્યાર્થીઓને ફૂલો કે ફળોની યાદી બનાવવાનું કાર્ય સોંપો<br>• વિદ્યાર્થીઓને યાદીમાંથી ફૂલ/ફળ પસંદ કરવાનું કહો<br>• પછી વિદ્યાર્થીઓ સોંપેલ ફૂલ/ફળ વિશે વાંચે છે અને બીજા દિવસે વર્ગમાં વાંચે છે<br>• 'નામ, પ્રાણી, વસ્તુ, ફૂલ, ફળ' રમત રમી શકાય છે, જ્યાં ટીમોએ આપેલા અક્ષરથી શરૂ થતા આ શબ્દો સાથે બહાર આવવાનું હોય છે.ઉદાહરણ – માનસી, વાંદરો, મશીન, મેરીગોલ્ડ, કેરી | • ફૂલો અને ફળો પરની સામગ્રી અથવા પુસ્તકોનું વાંચન |

| | | |
|---|---|---|
| **સપ્તાહ: 3** | **ગતિમાં કવિતા**<br>• વિદ્યાર્થીઓને પોતાની પસંદગીના કવિઓની કવિતાઓ વાંચવા માટે શિક્ષક દ્વારા કહેવામાં આવે.<br>• અનુવર્તી પ્રવૃત્તિ તરીકે તેઓ શિક્ષકોની મદદથી કવિતાનું નિર્માણ કરી શકે છે | • કેટલીક કવિતાઓ સાથે સામગ્રી અથવા પુસ્તકો વાંચો |
| **સપ્તાહ: 4** | **વહેંચાયેલ વાંચન**<br>• વહેલા અક્ષરજ્ઞાન માટે વહેંચાયેલ વાંચન મહત્વપૂર્ણ છે અને ધોરણ 1 અને ધોરણ 2 ના બાળકો માટે સૌથી અસરકારક છે.<br>• શિક્ષકે બાળકોને પુસ્તક વાંચવાની સાથે સાથે પુસ્તકના લખાણ અને ચિત્રો પર તેમનું ધ્યાન દોરવાનું હોય છે. બાળકો બોલેલા શબ્દોને લખેલા શબ્દ સાથે મેચ કરવાનું વલણ ધરાવે છે અને ધીમે ધીમે પુસ્તક વાંચવાનો પ્રયાસ કરે છે.<br>• આ પ્રક્રિયા દ્વારા બાળકો શીખે છે કે કેવી રીતે શિક્ષકો અભિવ્યક્તિ સાથે ડાબેથી જમણે પુસ્તકો વાંચે છે. | • વાર્તાઓ અને ચિત્રો સાથે સામગ્રી અથવા પુસ્તકો વાંચવું |
| | **શાળા પુસ્તકાલયની એક્સપોઝર મુલાકાત**<br>• દરેક બાળકે વાંચેલા પુસ્તક વિશે થોડીક લીટીઓ જણાવવી જે તેમને લાઇબ્રેરીમાંથી સપ્તાહ 1 માં આપવામાં આવ્યું હતું.<br>• સપ્તાહ 14 સુધીમાં વયકક્ષા મુજબ વાંચવા માટે આપવામાં આવેલ પુસ્તક મેળવો. | • પુસ્તકાલયનાં પુસ્તકો |
| **સપ્તાહ: 5** | **વાર્તા ફરી કહો**<br>• કથાનક અને પાત્રો વાંચ્યા પછી બાળકોને કોઈપણ ચોક્કસ વાર્તાના વૈકલ્પિક શીર્ષકો વિશે વિચારવા માટે પ્રોત્સાહિત કરી શકાય.<br>• આવી પ્રવૃત્તિ તેમને વાર્તાની શરૂઆતથી અંત સુધી વિચારવામાં મદદ કરે છે.<br>• તે તેમને વાર્તાના મહત્વપૂર્ણ અને બિન-અગત્યના ઘટકો વચ્ચે સમજવામાં અને તફાવત કરવામાં પણ મદદ કરે છે. | • વાર્તાઓ અને ચિત્રો સાથે સામગ્રી અથવા પુસ્તકો વાંચવું<br>• વાર્તાઓનો સારાંશ આપવા માટે વર્કશીટ |

| | | |
|---|---|---|
| **સપ્તાહ: 6** | **શીર્ષક વૃક્ષ**<br>• કથાનક અને પાત્રો વાંચ્યા પછી બાળકોને કોઈપણ ચોક્કસ વાર્તાના વૈકલ્પિક શીર્ષકો વિશે વિચારવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે.<br>• જ્યારે શિક્ષક બોર્ડ પર શીર્ષકનું વૃક્ષ દોરે ત્યારે આ ચર્ચા દ્વારા કરી શકાય છે. | • વાર્તાઓ સાથે સામગ્રી અથવા પુસ્તકો વાંચવું<br>• ચિત્રકામ સામગ્રી |
| **સપ્તાહ: 7** | **હું કોણ છું?**<br>• પાત્ર નિરૂપણ: બાળકોને વાર્તાના મુખ્ય પાત્રો અને તેમની વિશેષતાઓને ઓળખવા અને આખા વર્ગને વાંચવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે. | • વાર્તાઓ સાથે સામગ્રી અથવા પુસ્તકો વાંચવું<br>• મુખ્ય પાત્ર અને વિશેષતાઓના કૉલમ સાથે વર્કશીટ્સ |
| **સપ્તાહ: 8** | **પોતાની ભાષામાં વાર્તા વાંચવી (કહાની પઢો અપની ભાષા મેં)**<br>• દર વર્ષે 21મી ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.<br>• શિક્ષક કોઈપણ ભાષામાં (પ્રાદેશિક/માતૃભાષા સહિત) કોઈપણ પુસ્તક પસંદ કરશે અને પછી વિદ્યાર્થીઓને પુસ્તક સમીક્ષા લખવાનું કહેશે. | • કોઈપણ ભાષામાં ઉપલબ્ધ પુસ્તકો |
| | **અમારા આગેવાનો પાસેથી પ્રેરણા**<br>• વિદ્યાર્થીઓને મહાત્મા ગાંધી, સરદાર વલ્લભાઈ પટેલ, સુભાષ ચંદ્ર બોઝ વગેરે પર પુસ્તક અથવા નિબંધ શોધવા માટે સોંપો.<br>• અનુવર્તી પ્રવૃત્તિ તરીકે વિદ્યાર્થીઓને સદ્‌વ્યવહાર કરવા કહો અને તેની નોંધ કરો.<br>• આવતા સપ્તાહે વિદ્યાર્થીઓને આ શેર કરવા પ્રોત્સાહિત કરો. | • સરદાર વલ્લભાઈ પટેલ પર વાર્તાઓ/નિબંધ |

| | | |
|---|---|---|
| **સપ્તાહ: 9** | **માસિક થીમ**<br>• થીમ આધારિત વાંચન સંબંધિત પ્રવૃત્તિઓ આખું વર્ષ હાથ ધરી શકાય છે.<br>• કેટલાક ઉદાહરણો છે મહાત્મા ગાંધી, પર્યાવરણ, જળ સંરક્ષણ, સ્વચ્છ ભારત મિશન, એક ભારત શ્રેષ્ઠ ભારત, બંધારણ અને મૂળભૂત ફરજો, રાષ્ટ્રીય રજાઓ, રમતગમત અને વિશ્વભરના પ્રખ્યાત ખેલાડીઓ, ઓલિમ્પિક અને કોમન વેલ્થ ગેમ્સ અને ટુર્નામેન્ટો, સંબંધિત પુસ્તકો, કલા, સંસ્કૃતિ અને ઉત્સવો, ભારતીય શહીદોને લગતા પુસ્તકો વગેરે. | • વિષય-આધારિત વાર્તાઓ પર સામગ્રી અથવા પુસ્તકો વાંચવું |
| **સપ્તાહ: 10** | **ચાલો કંઈક રાંધીએ**<br>• શિક્ષક/માતા-પિતા વર્ગમાં અગ્નિ પ્રગટાવ્યા વિના કેટલીક સરળ રસોઈ બનાવી શકે છે અને વિદ્યાર્થીઓને તેમના સંબંધિત ધોરણો દ્વારા રેસીપી બુક બનાવવા માટે કહી શકે છે.<br>• વિદ્યાર્થીઓ તેમની રેસીપી બુક બીજા દિવસે વર્ગમાં વાંચી શકશે. | • વિવિધ ખાદ્ય પદાર્થોની રેસીપી પર સામગ્રી અથવા પુસ્તકો વાંચવું<br>• ફૂડ રેસીપી માટે વર્કશીટ |
| **સપ્તાહ: 11** | **મેજિક સ્પેલ્સ**<br>• શિક્ષક જાદુગરની જેમ અભિનય અને ડ્રેસિંગ કરીને દ્રશ્ય સેટ કરી શકે છે<br>• શીખનારાઓને કેટલાક સર્જનાત્મક ખેલ બનાવવા માટે કહો અને તેઓ તેનો ઉપયોગ સારા કાર્યો કરવા માટે કેવી રીતે કરવા માંગે છે તે લખીને પછી તેને સહપાઠીઓને વાંચવા કહો. | • વાચન સાહિત્ય અથવા જાદુઈ ખેલ પરના પુસ્તકો |
| **સપ્તાહ: 12** | **બધું છોડો અને વાંચો (DEAR)**<br>• શાળામાં દરેક વિદ્યાર્થી (જે વિદ્યાર્થીઓ શાળાએ આવતા હોય તે) અથવા ઘરે વાંચવા માટે કોઈપણ એક દિવસ અને સમયે ઓછામાં ઓછા 20 મિનિટ વાંચશે તેવું નક્કી કરો.<br>• આ માટે સમય નક્કી કરી શકાય - દા.ત. મંગળવારે સવારે 11:00 કલાકે શાળામાં<br>• શાળામાં હાજર તમામ- વિદ્યાર્થીઓ, શિક્ષકો, સ્ટાફ ખાતરી કરે કે તેઓ આ પ્રવૃત્તિ માટે તૈયાર છે અને થોડી વાંચન સામગ્રી લાવે | • વાચન સાહિત્ય જેમ કે પુસ્તકો અથવા અખબારો |

| | | |
|---|---|---|
| **સપ્તાહ: 13** | **શબ્દો મારી ખ્યાતિનો દાવો છે**<br>• અઠવાડિયાનું અખબાર બનાવવું - બાળકો છેલ્લા અઠવાડિયે કે મહિનામાં વાંચેલી વાર્તાઓ વિશે એવી રીતે લખી શકે કે તે એક વર્ગનું અખબાર બની જાય. | • કોઈપણ ભાષામાં ઉપલબ્ધ પુસ્તકો |
| **સપ્તાહ: 14** | **વાંચો અને અમલ કરો**<br>• વિદ્યાર્થીઓને જૂથોમાં કામ કરવા માટે સોંપવામાં આવે.<br>• તેમને વાંચવા માટે નાનું નાટક આપવામાં આવે.<br>• આગળ, તેઓને એક બીજા સાથે સહયોગ કરવા અને સમગ્ર વાર્તાને ઘડવાનું કહેવામાં આવે. પર્ફોર્મિંગ આર્ટ્સ સાથે વાંચનનું આ એકીકરણ શીખનારને વધારાનું પ્રોત્સાહન આપે છે અને વાંચનમાં વધુ મનોરંજક પરિમાણો ઉમેરે. | • વાંચન સામગ્રી અથવા નાટક ધરાવતું પુસ્તક |
| | **શાળા પુસ્તકાલયની એક્સપોઝર મુલાકાત**<br>• દરેક બાળકે વાંચેલા પુસ્તક વિશે થોડીક લીટીઓ જણાવવી જે તેમને લાઇબ્રેરીમાંથી અઠવાડિયા 4 માં આપવામાં આવ્યું હતું. | • પુસ્તકાલયના પુસ્તકો |

**નોંધ: જો શાળાઓ બંધ હોય, તો શાળા પુસ્તકાલયની એક્સપોઝર વિઝિટને નીચેની પ્રવૃત્તિઓ સાથે બદલવા જેવી પ્રવૃત્તિઓ વાંચો અને અમલમાં મુકો :**

1. **વિષય- તમારો ખોરાક જાણો:**
   - શિક્ષક/માતાપિતા/સ્વયંસેવક વિદ્યાર્થીઓને ઘરેથી ખાદ્ય પદાર્થોની યાદી મેળવવાનું કહેશે જે તેઓએ આગલા દિવસે ખાધું હતું.
   - બીજા દિવસે તેઓ તેને વર્ગ/ઘરમાં વહેંચશે.
   - તેઓ સૌ પ્રથમ ખાવાની વસ્તુનું નામ વાંચવાનો પ્રયત્ન કરશે.
   - રોટલી, પાણી, દૂધ, ચા, લીંબુ, દાળ, શાકભાજી, ફળો વગેરે જેવી ખાદ્ય ચીજવસ્તુઓના દરેક નામ વિદ્યાર્થીઓ દ્વારા શરૂઆતના અવાજનો ઉપયોગ કરીને સાથે વાંચવામાં આવશે.
   - આ શબ્દો શિક્ષક દ્વારા બ્લેકબોર્ડ પર લખવામાં આવશે. જો પ્રવૃત્તિ ઘર/સામુદાયિક કેન્દ્રો પર હાથ ધરવામાં આવે તો નામો કાગળના ટુકડા પર લખી શકાય છે.
   - બીજા દિવસે યાદીમાંથી વધુ શબ્દો લેવામાં આવશે અને વર્ગમાં વાંચવામાં આવશે.

- આ શબ્દો દૃષ્ટિ શબ્દો બની જાય છે અને તેમને વાંચવા અને ઓળખવામાં સક્ષમ બનાવે છે.

**2. વિષય- સાંભળવું અને શેર કરવું**

- શિક્ષક/માતાપિતા/સ્વયંસેવક વિદ્યાર્થીઓને ટીવી/રેડિયો પરના કોઈપણ કાર્યક્રમ અથવા માતા-પિતા/દાદા-દાદી દ્વારા કહેવામાં આવેલી વાર્તા સાંભળવા અને અવલોકન કરવા કહેશે.
- તેઓ વાર્તા/કાર્યક્રમના પાત્રો/નામો સાંભળશે.
- તેમની સાંભળવાના કૌશલ્ય સાથે તેઓ તેમના શિક્ષક/માતાપિતા/સ્વયંસેવકને વાર્તા/કાર્યક્રમના નામ વિશે જણાવશે અને શિક્ષક/માતાપિતા/સ્વયંસેવક તેમને બ્લેક બોર્ડ અથવા કોઈપણ કાગળ પર લખશે.
- હવે જ્યારે વિદ્યાર્થીઓ પાસે બ્લેકબોર્ડ/પેપર પર પૂરતા નામો લખેલા હશે, ત્યારે વિદ્યાર્થીઓને નામો વાંચવા માટે કહેવામાં આવશે.
- વર્ગમાં વોલ વર્ડ બનાવવામાં આવશે અને વિદ્યાર્થીઓને દરરોજ સવારે વાંચવા માટે કહેવામાં આવશે અને તેમાંથી થોડા લોકો તેમણે સાંભળેલી/જોયેલી વાર્તા/કાર્યક્રમ વિશે શેર કરશે.

# ધોરણ : ૩ થી ૫ માટેની પ્રવૃત્તિઓ

**ઉદ્દેશ: ગોલ અને અધ્યયન નિષ્પત્તિઓ વિકસિત કરવી:**

- **અસરકારક વાર્તાલાપ**
  - આલોચનાત્મક અને સર્જનાત્મક વિચારસરણી
  - વિવિધ પ્રકારની માહિતી શોધવા, સમજવા અને તેના પર પ્રતિબિંબિત કરવાની ક્ષમતા
- **વિદ્યાર્થીઓ સર્વાંગી વિકાસ**

| ક્રમ | પ્રવૃત્તિ | આવશ્યક સંશાધન |
|---|---|---|
| પ્રથમ સપ્તાહ | **શાળા પુસ્તકાલયની મુલાકાત**<br>• બધા બાળકોએ શાળાની પુસ્તકાલયની મુલાકાત લેવી અને<br>• ઉપલબ્ધ પુસ્તકોનું વાંચન કરવું.<br>• દરેક બાળકને તેની વય અનુસારનું એક પુસ્તક વાંચવા માટે મળવું જોઈએ અને તેના ચોથા અઠવાડિયામાં તે પુસ્તક વિશે વાત કરશે. | પુસ્તકાલયનાં પુસ્તકો |
| | **સર્કલ ટાઈમ**<br>• વિદ્યાર્થીઓ વર્તુળમાં બેસશે અને શિક્ષક તેમને પ્રારંભિક વાક્ય આપીને તેમજ દ્રશ્ય સેટ કરીને વાર્તાની શરૂઆત કરશે.<br>• દરેક વિદ્યાર્થી એક વાક્ય ઉમેરીને વાર્તાને આગળ લઈ જશે અને આખા વર્ગ સમક્ષ બોલશે. | કોઈ સંશાધનની આવશ્યકતા નથી. |
| બીજો સપ્તાહ | **વેશભૂષા - અભિનય**<br>• વિદ્યાર્થીઓ તેમના મનપસંદ લેખક/કવિ તરીકે તૈયાર થશે અને વર્ગને તે પાત્રની વાર્તા/કવિતા વાંચે સંભળાવશે.<br>• આનાથી અન્ય વિદ્યાર્થીઓને પણ તેમના વિશે વાંચવા માટે પ્રોત્સાહન મળશે. | વિવિધ લેખક/કવિનાં ચિત્રો અને તેમની વાર્તા/કવિતાના પુસ્તકો |
| ત્રીજો સપ્તાહ | **વાર્તાનો અંત બદલવો**<br>• શિક્ષક મહિનાની થીમ અનુસાર પસંદ કરેલી વાર્તા વાંચશે (વાર્તાનું નૈતિક મહત્વ હોવું જરૂરી છે) અને વિદ્યાર્થીઓને વાર્તાનો અંત બદલવા માટે કહેશે.<br>• મુખ્ય પાત્ર તરીકે તેઓ આપેલ પરિસ્થિતિમાં શું કરશે તે બાબતે. | વાર્તાના પુસ્તકો |

| | | |
|---|---|---|
| ચોથો સપ્તાહ | • શિક્ષક વર્ગને 4 અથવા 5 ના જૂથમાં વહેંચશે. | વાર્તાના પુસ્તકો |

| | | |
|---|---|---|
| | • શિક્ષક એક સેટિંગ (દ્રશ્ય) રજૂ કરશે (કોઈપણ સેટિંગનું વર્ણન કરી શકાય, ઉદાહરણ તરીકે: જૂનો કિલ્લો/રણ/રમતનું મેદાન) અને સેટિંગના પાત્રોનું વર્ણન કરશે જેમ કે રાજા/ રાણી/ ડ્રેગન/ ખેડૂત/ઉંટ/જાદુગર/બાળકો.<br>• પછી શિક્ષક તેમને ટૂંકી વાર્તા બનાવવાનું કહશે અને જૂથના સભ્યોમાંથી કોઈ એક મોટેથી વાર્તા વાંચશે. | |
| | **શાળા પુસ્તકાલયની મુલાકાત**<br>• દરેક બાળક તેમને પુસ્તકાલયમાંથી પ્રથમ અઠવાડિયામાં આપવામાં વાંચેલા પુસ્તક વિશે થોડીક વાતો કહેશે.<br>• દરેક બાળકને ૧૪ માં અઠવાડિયામાં સુધી વાચવા માટે તેની વય અનુસારનું વધુ એક પુસ્તક આપવાનું રહેશે. | પુસ્તકાલયનાં પુસ્તકો |
| પાંચમો સપ્તાહ | **લોકસાહિત્યની મજા**<br>• શિક્ષક એક ભારત શ્રેષ્ઠ ભારત કાર્યક્રમ હેઠળ ભાગીદાર રાજ્યના સમૃદ્ધ વારસામાંથી એક રસપ્રદ લોકવાર્તા પસંદ કરી શકે છે અને તેને વર્ગમાં વાંચી શકે છે અને કેટલાક વિદ્યાર્થીઓને તેનો અમલ કરવા માટે કહી શકે છે. | રાજ્યોની લોક વાર્તા પુસ્તકો |
| છઠ્ઠો સપ્તાહ | **સાહિત્યિક કેલેન્ડર**<br>• વિદ્યાર્થીઓ વિવિધ લેખકો/કવિઓની જન્મ તારીખોને ચિહ્નિત કરીને અને તેમની કૃતિઓની યાદી બનાવીને સાહિત્યિક કેલેન્ડર તૈયાર કરી શકે છે.<br>• આ યાદીમાંથી તેઓ વાંચવા માટે પુસ્તક/કવિતા પસંદ કરી શકે છે. | કેલેન્ડર<br>વાર્તા/કવિતાના પુસ્તકો |
| સાતમો સપ્તાહ | **સ્પીક અપ**<br>• આ પ્રવૃત્તિ જોડીઓમાં થશે.<br>• એક વિદ્યાર્થી લેખક બનશે અને બીજો લેખક દ્વારા બનાવેલ કાલ્પનિક બનશે.<br>• એક જોડીનાં બંને વિદ્યાર્થીઓએ પાત્ર અને લેખક જોડીનું પુસ્તક વાંચવું જરૂરી છે.<br>• તેઓ એકબીજાને 5 પ્રશ્નો પૂછશે.<br>• દા.ત. રસ્કિન બોન્ડ, સ્વામી અને આરકે નારાયણ વગેરે વિશે.<br>• લેખક દ્વારા લખાયેલી સ્થાનિક વાર્તાઓ અને તેમના પ્રખ્યાત પાત્ર | વિવિધ કાલ્પનિક પાત્રો પરની વાંચન સામગ્રી અથવા પુસ્તકો |

| | | |
|---|---|---|
| આઠમો સપ્તાહ | **પોતાની ભાષામાં વાર્તા વાંચવી (કહાની પઢો અપની ભાષા મેં)**<br>• દર વર્ષે 21મી ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.<br>• □શિક્ષક કોઈપણ ભાષામાં (પ્રાદેશિક/માતૃભાષા સહિત) કોઈપણ પુસ્તક પસંદ કરશે અને પછી વિદ્યાર્થીઓને પુસ્તક સમીક્ષા લખવાનું કહેશે. | કોઈપણ ભાષામાં ઉપલબ્ધ પુસ્તકો |
| નવમો સપ્તાહ | **કવિતા વાંચવી**<br>• □વિદ્યાર્થીઓને તેમની પોતાની પસંદગીના કવિઓની / શિક્ષક દ્વારા ભલામણ કરવામાં આવેલ કવિતાઓ વાંચાવવી.<br>• અનુગામી પ્રવૃત્તિ તરીકે તેઓ શીખેલા કાવ્યાત્મક ઉપકરણોનો ઉપયોગ કરીને તેમની પોતાની કવિતા રચશે. | કવિતાના પુસ્તકો અથવા કવિતાઓ સાથેની વાંચન સામગ્રી |
| દસમો સપ્તાહ | **મેરી કહાની, મેરી ઝુબાની**<br>• દરેક વિદ્યાર્થી નદી, વૃક્ષ, ઘઉંના છોડ વગેરે જેવી વસ્તુની ભૂમિકા/ઓળખ લેશે અને તેની જીવનયાત્રા તૈયાર કરશે.<br>• વિવિધ વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ જીવન યાત્રા વર્ગમાં પ્રસ્તુત કશશે. | વિવિધ કુદરતી વસ્તુઓની જીવનયાત્રા સાથેનાં પુસ્તકો અથવા વાચન સામગ્રી |
| | **નાની દાદી કી કહાનિયાં**<br>• □આપણા દાદા-દાદી દ્વારા કહેવામાં આવેલી વાર્તા કરતાં સારું બીજું કંઈ નથી. શિક્ષક વિદ્યાર્થીઓને દાદા-દાદી દ્વારા કહેવામાં આવેલી વાર્તાઓ અને તેઓ તેનાથી શું શીખ્યા તે સંભળાવવા/લખવા કહેશે.<br>• દરેક વિદ્યાર્થી પછી તેને વર્ગમાં વાંચશે.<br>• પછી તેઓ આવા કોઈપણ સંગ્રહને વાંચી શકે છે (સુધા મૂર્તિની દાદીમાની વાર્તાઓની બેગ) | કોઈ સંશાધનની આવશ્યકતા નથી. |
| અગિયારમો સપ્તાહ | **પુસ્તકને તેના કવર દ્વારા જજ કરો**<br>• □પુસ્તક સપ્તાહ અથવા સાહિત્ય દિવસની ઉજવણીના ભાગરૂપે, શિક્ષક વિદ્યાર્થીઓને તેમના મનપસંદ પુસ્તક માટે પુસ્તક કવર ડિઝાઇન કરવા માટે કહી શકે છે.<br>• □સામગ્રીને અનુરૂપ કવર ડિઝાઇન કરવા માટે વિદ્યાર્થીઓએ પહેલા પુસ્તક વાંચવું પડશે | વાર્તા પુસ્તકો અથવા વાચન સામગ્રી તેમજ ડિઝાઇનિંગની સામગ્રી |

| | | |
|---|---|---|
| બારમો સપ્તાહ | **બધુ છોડો અને વાંચો**<br>• કોઈપણ એક નક્કી કરેલા દિવસ અને સમયે, શાળામાં દરેક વ્યક્તિ (શાળા આવતા વિદ્યાર્થી) અથવા ઘરે હોય તે પણ ઓછામાં ઓછા 20 મિનિટ વાંચશે.<br>• આ માટે એક નિશ્ચિત સમય નક્કી કરવાનો રહેશે જેમ કે મંગળવારે સવારે ૧૧.૦૦ વાગે શાળા ખાતે.<br>• શાળામાં હાજર તમામ- વિદ્યાર્થીઓ, શિક્ષકો, સ્ટાફ આ પ્રવૃત્તિ માટે તૈયારી કરશે અને થોડી વાંચન સામગ્રી લઈને આવશે. | પુસ્તકો અથવા અખબાર જેવી વાંચન સામગ્રી |
| તેરમો સપ્તાહ | **પ્રોપ અપ**<br>• શિક્ષક વિવિધ વસ્તુઓથી ભરેલી બેગ (જેમ કે તાજ, તલવાર, પોટ, મોજા, વીંટી, લાકડી વગેરે) તૈયાર કરશે અથવા ઘરે રહેલ વિદ્યાર્થીઓ માટે વસ્તુઓની સૂચિ તૈયાર કરશે.<br>• □બાળકો વસ્તુઓ પસંદ કરશે (ઘરે હોય તેવા વિદ્યાર્થીઓના કિસ્સામાં, શિક્ષકો રેન્ડમળી વસ્તુ સોંપશે) અને વિદ્યાર્થીઓ આ વસ્તુનો સારા કાર્યોમાં કેવી રીતે ઉપયોગ કરશે તે અંગે લખશે.<br>• □પછી દરેક વિદ્યાર્થી તેમની રચના આખા વર્ગ સમક્ષ વાંચશે. | વસ્તુઓના ઉપયોગ વિશેનાં પુસ્તકો અથવા વાંચન સામગ્રી તેમજ<br>□ વસ્તુઓનો સંગ્રહ |
| ચૌદમો સપ્તાહ | **જો હું હોવ તો**<br>• □શિક્ષક વિદ્યાર્થીઓને આપેલ વ્યવસાય (નાવિક/સૈનિક/વૈજ્ઞાનિક વગેરે)માંથી એક પસંદ કરવા કહેશે.<br>• □પછી તેઓને તે વ્યવસાયના અગ્રણી વ્યક્તિત્વ વિશેની વાર્તા વાંચવા અને વર્ગમાં તેના વિશે વાત કરવા કહેવામાં આવશે કે તેઓએ કેવી રીતે વિશ્વને વધુ સારું સ્થાન બનાવ્યું. | વિવિધ વ્યવસાય વિશેનાં પુસ્તકો અથવા વાંચન સામગ્રી |
| | **શાળા પુસ્તકાલયની મુલાકાત**<br>• દરેક બાળક તેમને પુસ્તકાલયમાંથી ચોથા અઠવાડિયામાં આપવામાં વાંચેલા પુસ્તક વિશે થોડીક વાતો કહેશે. | પુસ્તકાલયનાં પુસ્તકો |

નોંધ: જો શાળાઓ બંધ હોય તો શાળા પુસ્તકાલયની એક્સપોઝર વિઝિટ, સર્કલ ટાઈમ, દ્રશ્ય સેટ કરવા જેવી પ્રવૃત્તિઓની જગ્યાએ નીચેની પ્રવૃત્તિઓ કરી શકશે.

1. **વિષય- તમારો ખોરાક જાણો**

- શિક્ષક/માતાપિતા/સ્વયંસેવક વિદ્યાર્થીઓને તેઓએ આગલા દિવસે ખાધું હોય તેવા ખાદ્યપદાર્થોની યાદી તૈયાર કરવાનું કહેશે.
- બીજા દિવસે તેઓ તેને વર્ગ/ઘરમાં વહેંચશે.

- તેઓ સૌ પ્રથમ ખાદ્યપદાર્થનું નામ વાંચવાનો પ્રયત્ન કરશે.
- રોટલી, પાણી, દૂધ, ચા, લીંબુ, દાળ, શાકભાજી, ફળો વગેરે જેવી ખાદ્ય ચીજવસ્તુઓના દરેક નામ વિદ્યાર્થીઓ દ્વારા વર્ગમાં બોલવામાં આવશે અને અન્ય વિદ્યાર્થીઓ પુન: ઉચ્ચાર કરશે.
- આ શબ્દો શિક્ષક દ્વારા બ્લેકબોર્ડ પર લખવામાં આવશે. જો પ્રવૃત્તિ ઘર/સામુદાયિક કેન્દ્રો પર હાથ ધરવામાં આવે તો નામો કાગળના ટુકડા પર લખી શકાય છે.
- બીજા દિવસે યાદીમાંથી વધુ શબ્દો લેવામાં આવશે અને વર્ગમાં વાંચવામાં આવશે.
- આ શબ્દો દૃષ્ટિના શબ્દો બની જાય છે અને તેમને વાંચવા અને ઓળખવામાં સક્ષમ બનાવે છે.

### 2. વિષય- સાંભળવું અને વહેંચવું

- શિક્ષક/માતાપિતા/સ્વયંસેવક વિદ્યાર્થીઓને ટીવી/રેડિયો પરના કોઈપણ કાર્યક્રમો અથવા માતા-પિતા/દાદા-દાદી દ્વારા કહેવામાં આવેલી વાર્તા સાંભળવા અને અવલોકન કરવા કહેશે.
- તેઓ વાર્તા/કાર્યક્રમના પાત્રોનાં નામો સાંભળશે.
- તેમની સાંભળવાની કૌશલ્ય સાથે તેઓ તેમના શિક્ષક/માતાપિતા/સ્વયંસેવકને વાર્તા/કાર્યક્રમના નામ વિશે જણાવશે અને શિક્ષક/માતાપિતા/સ્વયંસેવક તેમને બ્લેક બોર્ડ અથવા કોઈપણ કાગળ પર લખશે.
- જ્યારે વિદ્યાર્થીઓ પાસે બ્લેકબોર્ડ/પેપર પર નામો લખેલા હશે, વિદ્યાર્થીઓને નામો વાંચવા માટે કહેવામાં આવશે.
- વર્ગમાં શબ્દ દિવાલ બનાવવામાં આવશે અને વિદ્યાર્થીઓને દરરોજ સવારે વાંચવા માટે કહેવામાં આવશે અને તેમાંથી કેટલાક વિદ્યાર્થીઓની તેઓએ જે સાંભળ્યું/જોયું હોય તે વાર્તા/કાર્યક્રમ વિશે શેર કરવા માટે કહેવામાં આવશે.

# ધોરણ : ૬ થી ૮ માટેની પ્રવૃત્તિઓ

**ઉદ્દેશ: ગોલ અને અધ્યયન નિષ્પત્તિઓ વિકસિત કરવી:**

- **અસરકારક વાર્તાલાપ**
  - આલોચનાત્મક અને સર્જનાત્મક વિચારસરણી
  - વિવિધ પ્રકારની માહિતી શોધવા, સમજવા અને તેના પર પ્રતિબિંબિત કરવાની ક્ષમતા
- **વિદ્યાર્થીઓ સર્વાંગી વિકાસ**

| ક્રમ | પ્રવૃત્તિ | આવશ્યક સંશાધન |
|---|---|---|
| પ્રથમ સપ્તાહ | **શાળા પુસ્તકાલયની મુલાકાત**<br>• □બધા બાળકોએ શાળાના પુસ્તકાલયની મુલાકાત લેવી અને ઉપલબ્ધ પુસ્તકો વાંચવા.<br>• □દરેક બાળકને તેની વય અનુસારનું એક પુસ્તક વાંચવા લેવું અને ચોથા અઠવાડિયામાં તે પુસ્તક વિશે વાત કરવી<br>• □ઘરમાં પુસ્તક વાંચતી વખતે પરિવારના એક પુખ્ત વ્યક્તિએ ભૂલ સુધારણા માટે માટે હાજર રહેવું જોઈએ. | પુસ્તકાલયનાં પુસ્તકો |
| બીજો સપ્તાહ | **વાંચો અને લખો**<br>• □આ પ્રવૃત્તિ દ્વારા, વિદ્યાર્થીઓ વાંચતા શીખશે અને આપેલ વિષય પર વાર્તાઓ પણ બનાવશે.<br>• શિક્ષક બધા વિદ્યાર્થીઓને વાંચવા માટેની વાર્તા આપશે. | વાર્તાના પુસ્તકો |

| | | |
|---|---|---|
| | • શિક્ષક વાર્તામાંથી કોઈપણ 5-8 વસ્તુઓ પસંદ કરશે (ઉદાહરણ તરીકે- વાર્તામાં સાયકલ, ગુલાબ, ઝાડ, પાંદડા, પ્રાણીઓ વગેરે જેવી વસ્તુઓનો સંદર્ભ છે.)<br>• વિદ્યાર્થીઓને શિક્ષકે સોંપેલ વસ્તુઓનો ઉપયોગ કરીને નવી વાર્તા બનાવવા માટે કહેશે અને વિદ્યાર્થીઓની વાર્તાઓ વર્ગમાં સાંભળવાશે. | |
| ત્રીજો સપ્તાહ | **કવિતા વાંચવી**<br>• વિદ્યાર્થીઓને તેમની પોતાની પસંદગીના કવિઓની / શિક્ષક-પરિવાર દ્વારા ભલામણ કરવામાં આવેલ કવિતાઓ વંચાવવી. | કવિતાના પુસ્તકો અથવા કવિતાઓ સાથેની વાંચન સામગ્રી |
| ચોથો સપ્તાહ | **મિત્રો સાથે વાંચો, આનંદ માટે વાંચો**<br>• દરેક વિદ્યાર્થીને જે તેણે અગાઉ વાંચી હોય અને તેને ખૂબ ગમતી હોય તેવી કોઈપણ ટૂંકી વાર્તા પસંદ કરવાનું કહેવામાં આવશે.<br>• તેણે આ વાર્તા તેના નાના ધોરણનાં /નાના ભાઈ-બહેન સમક્ષ વાંચવા માટે કહેવામાં આવશે. આ શિક્ષકો અથવા માતાપિતાની દેખરેખ હેઠળ કરવાનું રહેશે.<br>• મોટા વિદ્યાર્થી જે વાચક છે તેને વાર્તાને રસપ્રદ બનાવવા માટે તેના અવાજમાં ફેરફાર કરવા અને અભિવ્યક્તિ સાથે વાંચવાનું કહેવામાં આવશે. | |
| | **શાળા પુસ્તકાલયની મુલાકાત**<br>• દરેક બાળક તેમને પુસ્તકાલયમાંથી પ્રથમ અઠવાડિયામાં આપવામાં વાંચેલા પુસ્તક વિશે થોડીક વાતો કહેશે.<br>• દરેક બાળકને ૧૪ માં અઠવાડિયામાં સુધી વાચવા માટે તેની વય અનુસારનું વધુ એક પુસ્તક આપવાનું રહેશે. | કોઈ સંશાધનની આવશ્યકતા નથી. |
| પાંચમો સપ્તાહ | **પાત્ર તપાસો**<br>• વર્ગને એ જ ટૂંકી વાર્તા વાંચવા માટે આપવામાં આવશે.<br>• આ પછી એક મોક પ્રેસ ઇન્ટરવ્યુ આવે છે જ્યાં વિદ્યાર્થીઓ મુખ્ય પાત્રોની ભૂમિકા લેશે અને અન્યને પ્રેસની ભૂમિકા સોંપવામાં આવશે.<br>• પ્રેસ પાત્રોને પ્રશ્નો પૂછશે.<br>• આ ક્રિયાપ્રતિક્રિયા શિક્ષક દ્વારા નિયંત્રિત કરવામાં આવશે. | વાર્તાની વાંચન સામગ્રી અથવા પુસ્તકો |
| છઠ્ઠો સપ્તાહ | **ગીતો / વાનગીઓનું વિશ્લેષણ** | રેસીપી/ગીત વર્કબુક |

| | | |
|---|---|---|
| | • શિક્ષક લોકગીતો/ફિલ્મી ગીતો અથવા સ્થાનિક વાનગીઓની 5-6 શબ્દો (ગીતો શબ્દો તપાસી ) પસંદ કરશે.<br>• દરેક વિદ્યાર્થીને સમય પહેલા એક ગીત/રેસીપી પસંદ કરવાનું કહશે.<br>• દરેક વિદ્યાર્થી પસંદ કરેલ ગીતનું સાહિત્યિક વિશ્લેષણ કરશે.તેમાં સંદર્ભ, સંદેશ, લાગણીઓ વગેરેનો સમાવેશ થઈ શકે છે.<br>• જો તે રેસીપી હોય, તો વિદ્યાર્થીને રેસીપીનું વિશ્લેષણ કરવા અને માત્ર મર્યાદિત ઘટકોનો ઉપયોગ કરીને તેને ફરીથી બનાવવા માટે કહી શકાય. વૈકલ્પિક રીતે, વિદ્યાર્થીને તેના દાદા-દાદીની રુચિને અનુરૂપ બનાવવા માટે રેસીપી ફરીથી બનાવવા માટે કહી શકાય. | |
| સાતમો સપ્તાહ | **પુસ્તક ભલામણ**<br>• દરેક વિદ્યાર્થીને એક પુસ્તક પસંદ કરવાનું કહેવામાં આવશે જે તેનાં મિત્રને ભલામણ કરી શકે (તેઓ શિક્ષક દ્વારા પ્રદાન કરેલી વાંચન સૂચિનો સંદર્ભ લઈ શકે છે)<br>• પસંદ કરેલ પુસ્તકમાંથી, દરેક વિદ્યાર્થીએ પછી સૌથી નકારાત્મક પાત્રનો સારાંશ લખવો જોઈએ. | પુસ્તકના નામ ધરાવતી વાંચન યાદી<br>વિદ્યાર્થીઓ વાંચી શકે તેવા પુસ્તકો |
| આઠમો સપ્તાહ | **પોતાની ભાષામાં વાર્તા વાંચવી (કહાની પઢો અપની ભાષા મેં)**<br>• દર વર્ષે 21મી ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.<br>• શિક્ષક કોઈપણ ભાષામાં (પ્રાદેશિક/માતૃભાષા સહિત) કોઈપણ પુસ્તક પસંદ કરશે અને પછી વિદ્યાર્થીઓને પુસ્તક સમીક્ષા લખવાનું કહેશે. | કોઈપણ ભાષામાં ઉપલબ્ધ પુસ્તકો |
| | **વર્તમાનપત્રમાંથી શોધો**<br>• વિદ્યાર્થીઓને વર્તમાનપત્રમાંથી વસ્તુઓની સૂચિ શોધવા/ કાર્ય સોંપવું.<br>• આ એક સામાન્ય શબ્દ હોઈ શકે છે જે હેડલાઈનનો એક ભાગ અથવા કોમિક સ્ટ્રીપ અથવા તો શહેર/નગરનું નામ પણ હોઈ શકે છે.<br>• વિદ્યાર્થીઓ આ વર્તમાનપત્રના લેખને સાચવી તેનો સંક્ષિપ્ત સારાંશ લખશે. | વર્તમાનપત્ર તેમજ સંક્ષિપ્ત સારાંશ લખવા માટે વર્કશીટ્સ |
| નવમો સપ્તાહ | **એક ભારત શ્રેષ્ઠ ભારત સંદર્ભે વાંચન**<br>• વિદ્યાર્થીઓ જોડીમાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' હેઠળ ભાગીદાર રાજ્ય પર સંશોધન કરશે અને તે રાજ્ય પર કેટલીક સામગ્રી શોધશે. | સંબંધિત રાજ્ય પર વાંચન સામગ્રી |

| | | |
|---|---|---|
| | • □વાંચ્યા પછી વિદ્યાર્થીઓની દરેક જોડી તેમના વાંચનના આધારે કોલાજ બનાવી તેને વર્ણન સાથે વર્ગમાં રજૂ કરશે. | □કોલાજ બનાવવા માટે વર્કશીટ્સ |
| દસમો સપ્તાહ | **સ્થાનિક ફ્લોરાની શોધ પર**<br>• સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2021ને ફળો અને શાકભાજીના વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે.<br>• વિદ્યાર્થીઓને અઠવાડિયામાં સ્થાનિક ફળો અને શાકભાજી, તેમની જાતો અને વિશેષ સુવિધાઓ વિશેની માહિતી શોધવાનું કાર્ય સોંપવામાં આવશે (ગ્રંથાલય અને કમ્પ્યુટર તાસ દરમિયાન)<br>• વિજ્ઞાન શિક્ષક એકત્રિત કરેલી સામગ્રીની તપાસ કરશે અને તે થીમ પર કેટલાક વધુ વાંચન ઉમેરી શકે છે.<br>• વિદ્યાર્થીઓ જૂથોમાં કામ કરશે અને પછીના અઠવાડિયામાં એક સમયગાળામાં આંશિક રીતે વાંચશે. | □ફળો અને શાકભાજી પરના પુસ્તકો<br>□સ્થાનિક ફળો અને શાકભાજી પર વર્કશીટ્સ |
| અગિયારમો સપ્તાહ | **વળાંક (ટ્વિસ્ટ)**<br>• □શિક્ષક શરૂઆતનાં પગલા તરીકે એક રસપ્રદ વાર્તા (રોમાંચક અથવા સસ્પેન્સ) પસંદ કરશે. વિદ્યાર્થીઓને નાના જૂથોમાં વિભાજિત કરી શકાય.<br>• □જૂથોમાંથી એક જૂથો વર્ગ સમક્ષ વાંચશે.<br>• શિક્ષક અન્ય જૂથો/વિદ્યાર્થીઓને વાર્તાની સમાપ્તિની રીતમાં ફેરફાર કરીને વાર્તાને વળાંક આપવા કહે છે. | વાર્તા પુસ્તક |
| બારમો સપ્તાહ | **કવિતા વાંચવી**<br>• □વિદ્યાર્થીઓને તેમની પોતાની પસંદગી/ શિક્ષક દ્વારા ભલામણ કરવામાં આવેલ કવિઓની કવિતાઓ વાંચવા માટે કહેવામાં આવશે આવે છે.<br>• □અનુગામી પ્રવૃત્તિ તરીકે તેઓ શીખેલા કાવ્યાત્મક ઉપકરણોનો ઉપયોગ કરીને તેમની પોતાની કવિતા રચશે. | કવિતાના પુસ્તકો અથવા કવિતાઓ સાથેની વાંચન સામગ્રી તેમજ ઉદાહરણો સાથે કાવ્યાત્મક ઉપકરણો પર કેટલાક તૈયાર સંદર્ભ |
| | **બધુ છોડો અને વાંચો**<br>• કોઈપણ એક નક્કી કરેલા દિવસ અને સમયે, શાળામાં દરેક વ્યક્તિ (શાળા આવતા વિદ્યાર્થી) અથવા ઘરે હોય તે પણ ઓછામાં ઓછા 20 મિનિટ વાંચશે. | પુસ્તકો અથવા અખબાર જેવી વાંચન સામગ્રી |

| | | |
|---|---|---|
| | • આ માટે એક નિશ્ચિત સમય નક્કી કરવાનો રહેશે જેમ કે મંગળવારે સવારે ૧૧.૦૦ વાગે શાળા ખાતે.<br>• શાળામાં હાજર તમામ- વિદ્યાર્થીઓ, શિક્ષકો, સ્ટાફ આ પ્રવૃત્તિ માટે તૈયારી કરશે અને થોડી વાંચન સામગ્રી લઈને આવશે. | |
| તેરમો સપ્તાહ | **વાંચો અને અભિનય કરો**<br>• વિદ્યાર્થીઓને જૂથોમાં કામ સોંપવામાં આવશે.<br>• તેમને વાંચવા માટે નાનું નાટક આપવામાં આવશે.<br>• આગળ, તેઓને એક બીજા સાથે સંકલન અને સમગ્ર વાર્તાને અભિનય દ્વારા કહેવામાં આવશે. પર્ફોર્મિંગ આર્ટ્સ સાથે વાંચનનું આ એકીકરણ વિદ્યાર્થીને વધુ પ્રોત્સાહન આપશે અને વાંચનમાં વધુ મનોરંજન ઉમેરશે. | નાટક ધરાવતું પુસ્તક અથવા વાંચન સામગ્રી |
| ચૌદમો સપ્તાહ | **આપણા નેતાઓ પાસેથી પ્રેરણા**<br>• વિદ્યાર્થીઓને મહાત્મા ગાંધી પર પુસ્તક અથવા નિબંધ શોધવાનું કાર્ય સોપવું.<br>• અનુવર્તી પ્રવૃત્તિ તરીકે, વિદ્યાર્થીઓને સારૂ કાર્ય કરવા કહો અને તેની નોંધ કરવા જણાવો.<br>• પછીના અઠવાડિયે વિદ્યાર્થીઓને આ શેર કરવા માટે પ્રોત્સાહિત કરો.<br>**શાળા પુસ્તકાલયની એક્સપોઝર મુલાકાત**<br>• દરેક બાળકે અગાઉના અઠવાડિયામાં પુસ્તકાલયમાંથી આપાવામાં આવેલ પુસ્તક વિશે થોડીક લીટીઓ જણાવવી કહેવું. | મહાત્મા ગાંધી પર વાર્તાઓ/નિબંધો<br><br>પુસ્તકાલયનાં પુસ્તકો |

- નોંધ: જો શાળાઓ બંધ હોય તો શાળા પુસ્તકાલયની એક્સપોઝર વિઝિટ, પાત્ર તપાસો જેવી પ્રવૃત્તિઓની જગ્યાએ નીચેની પ્રવૃત્તિઓ કરી શકાય.

**1. રિવર્સ રીડિંગ:**

- રિવર્સ રીડિંગ એટલે પાના અથવા ફકરાના અંતથી શબ્દો વાંચવા.
- ફકરા/પૃષ્ઠની શરૂઆત સુધી, બાળકો જમણેથી ડાબે વાંચવાનું વલણ ધરાવે છે અને દરેક લાઇન માટે તે જ રીતે વાંચે છે.
- આનાથી વિવેચનાત્મક વિચારસરણીનો વિકાસ થાય છે અને સાથે સાથે બાળકોમાં વાંચનમાં આત્મવિશ્વાસ પણ વધે છે. આ પ્રવૃત્તિ ઉચ્ચ પ્રાથમિક બાળકો સાથે હાથ ધરવામાં આવી શકે છે.

**2. ZIG ZAG વાંચન:**

- ZIG ZAG રીડિંગ એ શબ્દો/ટેક્સ્ટને ડાબેથી જમણે અને પછી જમણેથી ડાબે વાંચવાની પ્રવૃત્તિ છે.
- બાળકો સમગ્ર સામગ્રી/ટેક્સ્ટ/ફકરા માટે સમાન પેટર્નમાં ZIG ZAG રીતે વાંચવાની પ્રક્રિયાનું પુનરાવર્તન કરશે.
- ZIG ZAG રીતે વાંચવાથી બાળકો ઝડપથી વાંચન વિકસાવવામાં સક્ષમ બનશે અને તેમના ડાબા-જમણા મગજના સંકલનને વધારવામાં મદદ કરશે.

# વધારાની પ્રવૃત્તિઓ

**1. નંબર વાંચન**

- શિક્ષક વિદ્યાર્થીઓને રસ્તા પર જોયેલા કોઈપણ બે વાહન નંબરો (ચાર નંબરો) મેળવવા અને લખવા માટે કહેશે.
- બીજા દિવસે, દરેક બાળક લખેલા નંબરો વાંચવાનો પ્રયત્ન કરશે અને ફેસિલિટેટર બોર્ડ પર તેની નોંધ બનાવશે.
- હવે બીજા બાળકને આ નંબરો વાંચવા માટે કહેવામાં આવશે.
- આમ, બધા બાળકો  તેમના દ્વારા લાવવામાં આવેલા વાહનના નંબરો વાંચવા માટે એકબીજા સાથે સંકળાયેલા રહેશે.

**2. નંબર વાંચન કાર્ય - તમારી શાળાને જાણો**

- શિક્ષક વિદ્યાર્થીઓને શાળાના પ્રવાસ માટે લઈ જશે.
- તેમને આજુબાજુ લખેલા નંબરો માટે આસપાસ અવલોકન કરવા માટે કહેવામાં આવશે.
- રૂમમાં રૂમ નંબર લખેલા હોય છે.
- વર્ગમાં પાછા આવ્યા પછી, તેઓ આજુબાજુ જોયેલા કોઈપણ બે થી ત્રણ નંબરોને યાદ કરશે.
- આ નંબરો ફેસિલિટેટર દ્વારા બોર્ડ પર લખવામાં આવશે.
- શિક્ષક અન્ય વિદ્યાર્થીઓને બોર્ડ પર લખેલા નંબરો પૂછશે.

**3. વાંચન કાર્ય – તમારી શાળાને જાણો**

- શિક્ષક વિદ્યાર્થીઓને શાળાનાં રાઉન્ડમાં લઈ જશે અને તેમની આસપાસના વાતાવરણનું અવલોકન કરવા માટે કહેવામાં આવશે.
- તેમને આસપાસ શું લખેલું છે તે વાંચવાનો પ્રયાસ કરવા માટે કહેવામાં આવશે દા.ત. પ્રિન્સિપાલ રૂમ, ઑફિસ, વૉશરૂમ-છોકરો/છોકરી અથવા પુરુષો/સ્ત્રીઓ, લેબ, ડબ્બા, પહેલો માળ, બીજો માળ વગેરે જેવા શબ્દો.

- વિદ્યાર્થીઓ પાછા આવશે અને તેઓએ જે જોયું છે તે શેર કરશે. વિદ્યાર્થીઓને ચોક્કસ જોડણી કદાચ યાદ ન હોય પરંતુ તેમ છતાં સાચી શબ્દ કહેવાનો પ્રયાસ કરશે.
- આ શબ્દો પછી દ્રશ્ય શબ્દો બની જશે અને યાદ રાખવા માટે કહેવામાં આવશે કારણ કે તે દરરોજ વાંચવામાં આવશે.
- આ શબ્દો શબ્દ દિવાલ પર લખવામાં આવશે.